# ઊંઝા ભાજપના પાંચસો પાટીદારો કોંગ્રેસમાં જોડાયા

ઊંઝા, તા. ૫

મહેસાણા જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ છે. ત્યારે પાટીદાર અનામતના પ્રશ્ને ભાજપથી નારાજ ઊંઝા ભાજપના પૂર્વ પ્રમુખ તાલુકાના પાંચ ગામો સહિત લગભગ ૫૦૦ જેટલા ભાજપના કાર્યકરો આજે કોંગ્રેસમાં જોડાઈ જતા ઊંઝા તાલુકા ભાજપમાં ભૂકંપ સર્જાયો છે.

ઊંઝા તાલુકામાં ઊંઝા નગરપાલિકા, જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો અને તાલુકા પંચાયતની બેઠકો માટે ચૂંટણી અંગેનું જાહેરનામુ બહાર પડતા ચૂંટણી જંગમાં જંપલાવવા ઉમેદવારો થનગની રહ્યા છે. તાલુકામાં પાટીદાર અનામતને લઈ સરકાર સામે પાટીદારોમાં અસંતોષની લાગણી પેદા થઈ છે. ત્યારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને પગલે ભાજપ સરકારથી નારાજ થયેલ ઊંઝા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ અંબાલાલ પટેલ, મહેરવાડા ગામના સરપંચ મફતલાલ પટેલ, કનુભાઈ પટેલ, મણીભાઈ પટેલ સહિત મહેરવાડા, ટુંડાલ, લીંડી, વરવાડા અને બ્રાહ્મણવાડા ગામના ૫૦૦ જેટલા પાટીદાર સમાજના ભાજપના કાર્યકરો આજે ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા.

કોંગ્રેસમાં જોડાયેલા અગ્રણીઓ અને કાર્યકરોને તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યાલય ખાતે પ્રમુખ ઈશ્વરજી ઠાકોરે ખેસ પહેરાવીને સૌને આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં કોંગ્રેસના અગ્રણી રમણજી ઠાકોર, રમેશભાઈ પટેલ વગેરે જોડાયા હતા. મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો કોંગ્રેસમાં જોડાતા તાલુકા ભાજપમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં અરવલ્લીના કોંગ્રેસના ધારાસભ્યોના આશીર્વાદ કોને મળશે ? તે ચર્ચાએ જોર પકડ્યું

મોડાસા, તા. ૫

સમગ્ર રાજ્યમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ અચાનક આવી જતાં અનેક રાજકીય સમીકરણો ઉકેલવા મુશ્કેલ થઈ પડ્યા છે. એક તરફ પાટીદારોનો ઉગ્ર અસંતોષ, બીજી તરફ ઓ.બી.સી. મતદારોને રીઝવવાનો પ્રયાસ, આ બંને બાબતો સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં લિટમસ ટેસ્ટ સાબીત થશે. ત્યારે અરવલ્લી જિલ્લામાં નવાં સમીકરણો પ્રજા સામે આવી રહ્યાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે. કેમ કે સમગ્ર રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીમાં ભગવો લહેરાયો હતો ત્યારે અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસના ઉમેદવારો વિજેતા બન્યા હતા. તે સમયે કોંગ્રેસના ઉમેદવારોને વિધાનસભામાં મોકલવામાં કોંગ્રેસી કાર્યકરો કરતાં ભાજપાના નારાજ કાર્યકરોએ મહત્વનો ભાગ ભજવ્યો હતો. ભાજપાના ઉમેદવારો પ્રત્યે કાર્યકરોની નારાજગીને લીધે ભાજપાના નારાજ કાર્યકરોએ બંધ બારણે મિટિંગો કરી કોંગ્રેસના ઉમેદવારોને વિજેતા બનાવવા કમર કસી હતી. હવે કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો માટે આ બાબત સાપે છછુંદર ગળ્યા જેવી સ્થિતિ પેદા કરી છે. કેમ કે ભાજપાના એ કાર્યકરો હવે જે તે સમયે આપેલ વચનો પાળવા અને વિધાનસભા સમયે કરેલ મદદનું ઋણ અદા કરવા કોંગ્રેસી ધારાસભ્યને ફરજ પાડી રહ્યા છે. કેમ કે ચૂંટાયેલા ધારાસભ્યને પણ ખબર છે કે ભાજપાના નારાજ કાર્યકરોનો સાથ ના હોત તો આપણે ક્યાં હોત ?

**વિધાનસભામાં કોંગ્રેસને મદદ કરનાર ભાજપાના નારાજ સભ્યોને કે પછી કોંગ્રેસના ઉમેદવારોને ?**

એટલે તો કોંગ્રેસી ધારાસભ્યો હાલ કોંગ્રેસના કાર્યકરોને પણ નારાજ કરી શકે તેમ નથી. તો બીજી તરફ ભાજપાના કાર્યકરોને જે તે સમયે આપેલ વચનો પાળી શકે તેમ નથી.

આવા કોંગ્રેસી ધારાસભ્યો પોતાને કુનેહબાજ સમજે છે. પરંતુ આવા ધારાસભ્યો પ્રજાની નજરમાંથી ઉતરી ગયા છે. અને પ્રજા સમક્ષ જ્યારે મતની ભીખ માગવા જવાનો સમય આવશે ત્યારે કયા મોઢે જવું તે બાબતે મુંઝાઈ રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## વૃદ્ધો કે શારિરીક ખામી ધરાવતા વ્યક્તિઓ આધાર નોંધણી કરાવી શકશે

પાલનપુર, તા. ૫

રાજયમાં યુનિક આઈડેન્ટીફિકેશન પ્રોજેક્ટ અંતર્ગત વ્યક્તિની આધાર નોંધણી માટે રાજ્ય સરકાર દ્વારા નિયત થયેલ ઓળખ અને સરનામાના પુરાવા જેવી ડેમોગ્રાફિક માહિતીની સાથે ફોટો અને વ્યક્તિની આંખની કીકીની છાપ જેવા બાયોમેટ્રિક ડેટા એકત્ર કરવામાં આવે છે તે સંદર્ભે બાયોમેટ્રિક અપવાદરૂપ કિસ્સાઓમાં પણ કોઈપણ વ્યક્તિની આધાર નોંધણી કરી શકાશે એમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

આધાર નોંધણી દરમ્યાન કોઈ વ્યક્તિ શારીરિક ખામી કે ભૂતકાળમાં થયેલ ઈજાને કારણે આંખની કીકી કે દસ આંગળાની છાપ આપી ના શકે અથવા આંખની કીકીની છાપ મેળવવામાં મુશ્કેલી કે આંખ ન હોય, હાથ ન હોય કે પુરતી આંગળીઓ ન હોય તેવા ખાસ કિસ્સાઓમાં જે તે વ્યક્તિની શક્ય હોય તેટલી બાયોમેટ્રિક વિગત લઈને શારીરિક ખામી સહિતનો ફોટો પાડીને આધાર નોંધણી કરાવી શકે છે. જો વ્યક્તિની આંગળીઓની છાપ લેવામાં મુશ્કેલ હોય તેવા અપવાદરૂપ કિસ્સાઓમાં ચાર પ્રયત્નમાં જે આખરી ફિંગર પ્રિન્ટ હોય તેને આધાર નોંધણીમાં આખી ગણી આધાર નંબર મળવાપાત્ર થાય છે.


## સેન્ટ્રલ પોલીટેકનીક કોલેજના બોગસ સર્ટીફિકેટ મામલે પ્રાંતિજ ગ્રાહક અદાલતમાં ફરિયાદ દાખલ

પ્રાંતિજ, તા. ૫

'સેન્ટ્રલ પોલીટેકનિક'ના નામે હેલ્થ એન્ડ સેનેટરી ઈન્સ્પેક્ટર, લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર, નર્સિંગ જેવા કોર્ષમાં પ્રવેશ મેળવવાની લલચામણી-લોભામણી જાહેરાતો દ્વારા સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર, ખેડબ્રહ્મા, તલોદ અને ઈડર ખાતે અને અરવલ્લી જિલ્લામાં મોડાસા, માલપુર, બાયડ, ભિલોડા અને શામળાજી ખાતે કેન્દ્રો ચાલી રહ્યા છે.

જેમાં સને ૨૦૧૪ 'ફી ફક્ત રૂ. ૯૦૦૦' તથા સને-૨૦૧૫માં 'ફી મફત' તેવું જાહેરાતમાં છાપેલ હતું પરંતુ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી રૂ. ૨૨,૦૦૦ થી રૂ. ૩૦,૦૦૦ સુધીની ફી આ સેન્ટરોએ ઉગરાવેલ હતી અને જે પહોંચો આપેલ તે પણ ખોટી હોય તેવું જાણવા મળ્યું છે.

આ બાબતે તલોદ સેન્ટર ખાતે જે વિદ્યાર્થીઓએ સને-૨૦૧૩માં પ્રવેશ મેળવ્યો હતો તેવા વિદ્યાર્થીઓને સદરહુ કરેલ કોર્ષમાં પ્રમાણપત્રો




મળેલ નથી તે વિદ્યાર્થીઓએ હિંમતનગરની ઓફિસે અવારનવાર પ્રમાણપત્રો માટે ગયા છે છતા પણ આપેલ નથી તથા જે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો મળેલ છે તે પણ ખોટા પ્રમાણપત્રો છે.

તલોદ સેન્ટર ખાતે કોર્ષ પૂર્ણ કરેલ ૫ વિદ્યાર્થીઓની ફરીયાદો ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજ ખાતે નોંધાયેલ હતી તેથી મંડળના પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા સદરહુ સેન્ટર તેમજ ચાલતા બધા જ સેન્ટરોને નોટીસ મોકલીને માહિતી માગેલ હતી કે સદરહુ ચાલતા કેન્દ્રોની સરકારની મંજુરી મેળવેલ છે કે કેમ ? તેમની હેડ ઓફિસ કયા આવેલ છે જે કોઈ જ સેન્ટરોએ માહિતી આપેલ નથી.

મંડળ દ્વારા અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર, કલેક્ટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, જિલ્લા પંચાયતો, પોલીસ અધિક્ષકશ્રીઓ, સબ-ડિવિઝનલ મેજીસ્ટેટશ્રીઓ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓને જાણ કરીને સદરહુ કેન્દ્રો દ્વારા વિદ્યાર્થીઓને છેતરી રહેલ છે માટે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરતાં વિનંતી પત્રો મંડળ દ્વારા લખવામાં આવેલ છે. આમ સેન્ટર દ્વારા માહિતી કે જવાબ ન આપતા મંડળ દ્વારા ગ્રાહક સુરક્ષા ફોરમ હિંમતનગર ખાતે ફરીયાદો દાખલ કરીને વિદ્યાર્થીઓને ન્યાય મળે તે માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## અરવલ્લી જિલ્લામાં તહેવાર ટાણે પરચૂરણની તીવ્ર અછતથી હાલાકી

### દુકાનદારો અને ગ્રાહકો સાથે ચલણી સીક્કાના અભાવે સંઘર્ષ

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લામાં દિવાળી પર્વના ત્યૌહારોની મોસમ પૂરબહારમાં ખીલી ઉઠી છે. ત્યારે અરવલ્લીના બજારોમાં પરચૂરણની અછત ઉભી થતા ગ્રાહકો અને



વેપારીઓ વચ્ચે ઘણીવાર સંઘર્ષ થાય છે. નાના દુકાનદારો અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પરચુરણના અભાવે વારંવાર તકરાર ગ્રાહકો અને દુકાનદારો જોડે જોવા મળી રહી છે. રોજીંદા વપરાશમાં રૂ. ૫ની નોટો તથા ચલણી સિક્કાની અછતથી રદ્દી નોટોથી મજબૂરથી દુકાનદારો અને ગ્રાહકો કામ ચલાવી રહ્યા છે. બીજી બાજુ જિલ્લામાં ૧૦ ટકા વટાઉ સાથે પરચૂરણના કાળાબજાર દ્વારા કેટલાક લોકો સરેઆમ દુકાનદારો સામે લુંટ ચલાવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં અને ગ્રામ્ય વિસ્તારોમાં નાના-દુકાનદારો શહેરોમાં ચા-નાસ્તાના સ્ટોલ અને કરિયાણાની દુકાન ચલાવતા દુકાનદારો માટે છેલ્લા કેટલાય સમયથી પરચૂરણની તંગી માથાના દુઃખાવા સમાન બની રહી છે. જિલ્લાના દુકાનદારોના જણાવ્યા અનુસાર જિલ્લામાં પરચુરણની કાયમી અછત રહે છે. તેમાં ખાસ કરીને બે, પાંચ રૂપિયાના સિક્કાની વધુ માંગ રહેતા પ્લાસ્ટીકની કોથળીમાં રહેલી ચૂંથાયેલી નોટોથી ચલાવી લેવું પડે છે. જિલ્લાના બજારોમાં રૂ. ૫, ૨, ૧૦ના સિક્કાની અછત રહે છે.

બેંકો દ્વારા લોકોની પરચૂરણની માંગ મુજબ અને દુકાનદારો અને ગ્રાહકોના વ્યવહાર સામે પરચૂરણ આપવામાં આવતુ ન હોવાથી બજારમાં પરચૂરણની અછત સર્જાઈ છે. સરકાર દ્વારા પરચૂરણની માંગને પહોચી વળવા માટે બેંકોને જરૂરી પરચૂરણ સપ્લાય કરવામાં આવે તો પરચૂરણની અછતને મહદઅંશે ટાળી શકાય.

અરવલ્લી જિલ્લામાં પરચૂરણની તીવ્ર અછતનો લાભ લેવા કેટલાક લોકો દ્વારા વેપારીઓ અને નાના દુકાનદારોને સરેઆમ ઉઘાડી લૂંટ ચલાવી બેંકોના અધિકારીઓ સાથે સાંઠ-ગાંઠ રચી પરચૂરણ બારોબાર સગેવગે કરી વેપારીઓ અને દુકાનદારોને ગરજ અને માંગ મુજબ ૧૦ ટકા સુધી વટાઉ લઈ લુંટી રહ્યા છે.

નાના દુકાનદારો અને વેપારીઓ ગ્રાહકો સાથે સંઘર્ષ ટાળવા મજબુરન ૧૦ ટકા સુધી વટાઉ આપી પરચૂરણ મેળવી રહ્યા છે. જિલ્લામાં પરચૂરણના કાળા બજાર કરતા અનેક લોકો અને ટોળકીઓ સક્રિય છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરચૂરણનો સંગ્રહ કરી વેપારીઓને લુંટતી આવા શખ્સોનું પગેરૂ મેળવી શિક્ષાત્મક પગલા ભરે તેવી લોકોની માંગ ઉગ્ર બની છે.

## રાજેન્દ્રનગર ચોકડી પાસે કારમાંથી ૫૭ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાના શામળાજી-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા રાજેન્દ્રનગર ચોકડી નજીકથી મોડાસા રૂરલ પોલીસે ગુરૂવારે વહેલી સવારે રાજસ્થાન




તરફથી આવતી ફોક્સવેગન વેન્ટો કારને અટકાવી કારમાંથી ૫૭,૬૦૦ રૂ.નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. મોડાસા રૂરલ પોલીસે કારચાલકની વગર પાસ પરમીટે ગેરકાયદેસર દારૂના જથ્થા હેરફેર કરનાર બૂટલેગર સામે પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીક શામળાજી ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. ગુરૂવારે સવારે ૭ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી આવતી ફોક્સવેગન વેન્ટોકાર (ગાડી નં. જીજે૧.કેએલ૦૭૦૪)ની શંકાસ્પદ ઝડપના લીધે અટકાવી તપાસ હાથ ધરતા કારમાંથી છુપાવેલો વિદેશી દારૂની ૧૪૪ નંગ બોટલો રૂ. ૫૭,૬૦૦નો જથ્થો ઝડપી પાડી કારચાલક નેમીચંદ માલીરામ ગુઢડક (ચૌધરી) રહે. એરપોર્ટ રોડ ભક્તિનગર, જામનગર (ગુજ.) મૂળ રહે. ઉદેપુર (રાજ.)ને ઝડપી પાડી કારચાલક પાસેથી મોબાઈલ નંગ-૧ તથા કારની કિંમત રૂ. ૫૦૦૦૦૦ મળી કુલ ૫,૫૮,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીને જેલના હવાલે ધકેલી દીધો હતો. મોડાસા રૂરલ પોલીસે આ દારૂની ગેરકાયદેસર હેરાફેરી સાથે સંકળાયેલા સુંદર ચૌધરી (ગોકુલપુરા રાજસ્થાન) અને રવિ મહારાજ (બ્રાહ્મણ) રહે. સીક્કા ગામની દરગાહ નજીક સી, ૧૫ સીકડા, નગર વિરૂદ્ધ પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કારચાલકને ઝડપી પાડી બન્ને આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

## ચિઠોડા પ્રાથમિક શાળામાં શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા,તા.૫

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ચિઠોડા પ્રાથમીક શાળામાં શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો હતો. જુથ મંત્રી પદે સુદીર્ઘ સેવા આપનાર ચિઠોડા પ્રાથમીક શાળા પ્રાથમીક શિક્ષક તરીકે ફરજ બજાવનાર શિક્ષક જીવાભાઈ નાથાજી ઢાઢી વય નિવૃત થતાં સન્માન સમારંભ યોજાયો હતો. જુથ કક્ષાના તમામ શિક્ષકો, સામાજીક કાર્યકરો, ભિલોડા તાલુકા પંચાયત શિક્ષણાધિકારી બી. એન. ઢાઢી, વિજયનગર પ્રાથમીક શિક્ષક સંઘ મંત્રી બી. પી. ડાભી, પુર્વ પ્રમુખ આર. ડી. પટેલ, આચાર્ય કાંતાબેન ઢાઢી, સ્ટાફ પરીવાર, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ચિઠોડા પ્રાથમીક શાળાના નિવૃત શિક્ષક જીવાભાઈ નાથાભાઈ ઢાઢીનું સન્માન કરી મોમેન્ટો આપી શાલ ઓઢાડી વિદાય આપવામાં આવી હતી.

## પાલનપુર નજીક બે વાહનો કચડાયા, બે યુવકોનો સદનસીબે ચમત્કારિક બચાવ

પાલનપુરના એરોમાં સર્કલ પાસે ગત રાત્રીએ એક ટ્રક ડ્રાઈવર દ્વારા રેલવે ઓવર બ્રીજ પર બે વાહનોને અડફેટે લેતા વાહનોનો કચ્ચરઘાણ થઈ જવા પામ્યો હતો. જો કે વાહનચાલકોએ પોતાનું વાહન છોડી દેતા તેમનો બચાવ થવા પામ્યો હતો. પાલનપુરના એરોમાં સર્કલ પર આબુ તરફથી આવી રહેલી એક ટ્રક દ્વારા બે બાઈક ચાલોને ગફલતભર્યા ડ્રાઈવિંગના પગલે અડફેટે લેતા બંને બાઈક ૧૦૦ ફૂટથી વધુના અંતર સુધી ખેંચાઈ જવા પામી હતી. જો કે સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. પરંતુ પચ્ચીસ પોલીસ દ્વારા ટ્રક ડ્રીવરની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરાઈ છે.

## પાલનપુર બારૂદના ઢેર પર : ગેરકાયદેસર ધમધમતી ફટાકડાની હાટડીઓ

પાલનપુર, તા. ૫

દિપાવલીના તહેવારોને લઈને પાલનપુરમાં ગેરકાયદેસર રીતે ફટાકડાઓની હાટડીઓ ધમધમી રહી છે.



શહેરના ભરચકવાળા વિસ્તારોમાં વગર મંજૂરીએ ધમધમી રહેલી ફટાકડાની હાટડીઓને કારણે કોઈ મોટી હોનારત સર્જાય તે પૂર્વે તંત્ર સજાગ બને તેવી માંગ ઉઠી છે.

પાલનપુર શહેરમાં દિવાળીના તહેવારો પૂર્વે જ વેપારીઓ દ્વારા વગર લાઈસન્સે ફટાકડાની હાટડીઓ શરૂ કરી દેવામાં આવી છે. શહેરના ભરચક વિસ્તારોમાં ફાયર સેફ્ટીના સાધનો રાખ્યા વગર ચાલતી ફટાકડાની હાટડીઓ ખુલ્લેઆમ દુર્ઘટનાને નોંતરી રહી છે. અરે, શહેરના રહેણાંકના વિસ્તારોમાં પણ ફટાકડાના ગોડાઉન રાત-દિવસ ધમધમી રહ્યા છે. ભૂતકાળમાં હોનારતો સર્જાઈ ચુકી છે. ત્યારે હપ્તાના હડમાલામાં વ્યસ્ત રહેવાને બદલે જિલ્લા પ્રશાસન સત્વરે ફટાકડાઓના વેપારીઓને કાયદાનો પાઠ ભણાવે તેવી માંગ ઉઠી છે.

દિવાળીના તહેવારોને લઈને બજારમાં ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે પાલનપુરમાં વગર લાઈસન્સે હાલમાં ૧૦૦ થી વધુ હાટડીઓ અને મોટી સંખ્યામાં મોતનો સામાન લઈને લારીઓ બજારમાં ફરી રહી છે. ત્યારે, બારૂદના ઢેર પર બેઠેલા પાલનપુરમાં અનહોની રાહ જોયા વિના તંત્ર તકેદારીના પગલાં ભરે તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.



## ભિલોડા પ્રાથમિક શાળામાં તિથિ ભોજન પિરસાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ માં વિદ્યાર્થીઓને તિથિભોજન અપાયું હતું. વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ આચાર્ય જયદેવભાઈ બારોટએ જણાવ્યું હતું કે, સ્વ. રવીન્દ્રસિંહ ઉર્ફે પપ્પુભાઈ મોહનસિંહજી કચ્છાવાની પુણ્યતિથી નિમિત્તે સજ્જનસિંહ કચ્છાવા, ચેતનસિંહ કચ્છાવા પરીવાર દ્વારા વિદ્યાર્થીઓને તિથી ભોજન આપવાનો કાર્યક્રમ યોજાયો હતો.

## પ્રાંતિજ-તલોદમાં રસ્તાઓ માટે ૭.૨૪ કરોડ ખર્ચાશે

### પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની રજુઆતો રંગ લાવી

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તલોદ તાલુકામાં બન્ને સ્થળોએ અંદાજે ૧૮ રસ્તાઓના નવીનીકરણ માટે રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અંદાજે રૂ. ૭.૨૪ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.

પ્રાંતિજ-તલોદ તાલુકાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા ખરાબ બિસ્માર પડેલ રસ્તાઓને લઈ ગુજરાત સરકારના મંત્રી માર્ગ અને મકાન વિભાગના મંત્રી નિતીનભાઈ પટેલને રજુઆતો કરતાં રજુઆતોને ધ્યાને લેતાં પ્રાંતિજ-તલોદ તાલુકાના ૧૮ ગામોમાં સી.સી. રોડ તમામે તમામ રસ્તાઓ મેટલ ડામરકામ વાળા જેમાં પ્રાંતિજ તાલુકામાં ને.હા. આઠથી રસુલપુર સલાલ મોયદ રોડ, મોછા આંબાવાડારોડ, પ્રાંતિજ પોંગલુ સોનાસણ, નનાનપુર એપ્રોચ રોડ, વૃંદાવન એપ્રોચ રોડ, મજરા એપ્રોચ રોડ, ને.હા. આઠથી રસુલપુર સલાલ મોયદ રોડ તથા તલોદ તાલુકામાં સલાટપુર ટું એસ.એચ. રોડ, બાદરજીના મુવાડા એપ્રોચ રોડ, મોતેસરી એપ્રોચ રોડ, નાણાં એપ્રોચ રોડ, બોરીયા વેણાના છાપરા રોડ, બદામકંપા એપ્રોચ રોડ, મહિયલ વલીયમપુરા મુધાસણા રોડ, તખતગઢ વરવાડા રોડ, સલાટપુરથી સ્ટેટ હાઈવે રોડ, મોઢુકા રણાસણ રોડ, બદામકંપા એપ્રોચ રોડ-૧ વગેરે રસ્તાઓને ડામર કામ કરવાની ઝડપી કામગીરી હાથ ધરવામાં આવશે. જેથી પ્રાંતિજ-તલોદની જનતાને બિસ્માર રસ્તાઓથી છુટકારો મળશે. જેથી સ્થાનિક વાહન ચાલકો તથા રોડ ઉપર રોજીંદુ અવર જવર કરતાં લોકોમાં તથા ગામજનોમાં આનંદની લાગણી છવાઈ છે.